જન્મદિને વધામણી

હેતલ દિપકભાઈ ચૌહાણ
મો. ૯૯૧૩૫ ૨૨૪૨૭

જેનિલ અક્ષય રાવલ
મો. ૮૧૪૦૮ ૦૫૮૦૧

નટવરપુરી મણિપુરી ગોસાઈ
મો. ૯૪૦૯૬ ૧૬૮૮૫

અશોક આર મકવાણા
મો. ૯૮૨૪૨ ૯૪૮૩૪

ફતેપુરા ખાતે નિઃશુલ્ક આયુર્વેદ સર્વરોગ નિદાન તથા સારવાર કૅમ્પ યોજાયો

હેપ્પી યુથ ક્લબ તથા સરકારી આયુર્વેદ હૉસ્પિટલ, સૅ. ૨૨ના સંયુક્ત ઉપક્રમે આયોજિત કૅમ્પનો લાભ સવાસો જેટલા દર્દીઓએ લીધો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરની સંસ્થા હેપ્પી યુથ ક્લબ તથા સૅક્ટર-૨૨ની સરકારી આયુર્વેદિક હૉસ્પિટલના સંયુક્ત ઉપક્રમે શનિવારે ફતેપુરા પ્રાથમિક શાળા, સૅક્ટર-૧૫ ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન-સારવાર કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ફતેપુરા ઉપરાંત આસપાસના વિસ્તારોના સવાસો જેટલા દર્દીઓએ આ કૅમ્પનો લાભ લીધો હતો, જે સૌના આરોગ્યની તપાસ કરી, નિદાન કર્યા બાદ રોગની દવા વિનામૂલ્યે આપવામાં આવી હતી.

આ કૅમ્પ માટે સૅક્ટર-૨૨ની સરકારી આયુર્વેદિક હૉસ્પિટલનાં નિષ્ણાત તબીબ ડૉ. ધરા જાધવ, કોલવડા આયુર્વેદ કૉલેજનાં તબીબ ડૉ. આસા પટેલ અને કર્મચારીગણે ઉમદા સેવાઓ આપી હતી. બાળકોથી માંડીને વડીલો સુધી સૌનું નિદાન આ અનોખા કૅમ્પ અંતર્ગત કરવામાં આવ્યું હતું અને તેમને જરૂરી સારવાર અર્થે દવાઓ પણ આપવામાં આવી હતી.

કૅમ્પના સફળ આયોજન માટે હેપ્પી યુથ ક્લબના સંયોજક સમીર રામી, યુવા સામાજિક કાર્યકર વિજયસિંહ માજીરાણા સહિત યુવા સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે સામાજિક અગ્રણી પ્રદિપસિંહ વાઘેલાએ ઉપસ્થિત રહી યુવાનોને પ્રોત્સાહિત કર્યા હતા.

માતૃભાષા સિવાય વ્યક્તિ ખીલતો નથી : ગુણવંત શાહ

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતી ભાષાને મહારાણી ગુજરાતી વાણી ગણાવનારા કવિ દલપતરામના જન્મદિનને ગુજરાતી ભાષા ગૌરવ દિન તરીકે ઊજવવામાં આવ્યો હતો. ગુજરાત વિશ્વકોષ ભવન ખાતે આચાર્યશ્રી યંશવંત શુક્લ વ્યાખ્યાનમાળા શ્રેણીનો આરંભ કરવામાં આવ્યો હતો. દલપતરામના જન્મદિને આ વ્યાખ્યાન શ્રેણીની શરૂઆત કરવામાં આવી હતી. ગુજરાત વિદ્યાસભા અને ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે આ વ્યાખ્યાન શ્રેણીની શરૂઆત કરવામાં આવી છે. આ પ્રસંગે જાણીતા કટાર લેખક અને વિચારક ગુણવંત શાહે 'માતૃભાષાનું મહિમાગાન' વિષેય પર વાત કરી હતી. આ પ્રસંગે નિસર્ગ ત્રિવેદી અને અન્ય કલાકારો દ્વારા 'મિથ્યાભિમાન' નાટકના કેટલાક અંશો ભજવાયા હતા. 'માતૃભાષા જાણનારા લોકો અંગ્રેજી ઓછું જાણતા હોય તો લઘુતાગ્રંથિ કેમ અનુભવે છે એ આજે યક્ષ પ્રશ્ન બની ગયો છે. જો હું ધાણીફુટ અંગ્રેજી ન બોલી શકું તો એનો અર્થ એવો બિલકુલ નથી કે, મારો આઈક્યુ ઓછો છે. કોઈ નરસિંહ મહેતાના 'અખિલ બ્રહ્માંડમાં..'નો અંગ્રેજીમાં અનુવાદ કરી જુએ. એમાં નરસિંહ સિવાય કંઈ જ નહીં બચે.' આ શબ્દો છે. ગુણવંત શાહના. માતૃભાષામાં થતાં સાહિત્ય સર્જન વિશે વાત કરતાં તેમણે જણાવ્યું કે, 'ટર્કીના લેખક ડૉ પામુકને કોઈએ કહ્યું કે, જો આપ અંગ્રેજીમાં લખો તો વધુ લોકો સુધી પહોંચી શકો. એવું નહોતું કે તેમને અંગ્રેજી નહોતું આવડતું કે તેઓ અંગ્રેજી નહોતા જાણાતા. પણ તેઓ કહે છે કે, 'હું અંગ્રેજીમાં કદી નહીં લખું. કારણ કે, એ વખતે મારું પ્રફુલ્લન અટકી જાય છે.' આમ, માતૃભાષાથી બહાર વ્યક્તિ ખીલી શકતો નથી. જીવનમાં સફળતાં કરતાં સાર્થકતા વધુ મહત્વ છે. તેથી હું નબળું અગ્રેજી હોય છતાં લઘુતાગ્રંથિથી ન અનુભવે એવા વ્યક્તિની શોધમાં છું' એમ તેમણે જણાવ્યું હતું.

ગુજરાત વિદ્યા સભાના પ્રમુખ અને વિખ્યાત આર્કિટેક્ટ બી. વી. દોષીએ જણાવ્યું હતું કે, 'કોઈ પણ સ્થળે સ્થાપત્ય ઉભું કરવા માટે ભાષા જાણવી જરૂરી છે, કભાષા જાણવા માટે સાહિત્ય જાણવું અગત્યનું છે. કારણ કે, જે સ્થપતિઓ માતૃભાષા નથી જાણતા અને જે જાણે છે, એમના સ્થાપત્યામં ફરક પડી જાય છે, માતૃભાષા સ્થપતિને પણ સંવેદનશીલ બનાવે છે.' જ્યારે સુભાષ બ્રહ્મભટ્ટે યશવંત શુક્લનો પરિચય આપતાં કેટલાક અનુભવો શેર કરતાં જણાવ્યું કે, 'યશવંત શુક્લ ભાષા માટે એટલી ચીવટ રાખતાં કે, 'એમના અકાઉન્ટન્ટ તેમની પાસે સાઈન કરાવવા ચોપડો લઈને જાય તો અકાઉન્ટના ચોપડામાં પણ તેમની પહેલી નજર જોડણીની ભુલો પર પડે. તેમના કોઈ મિત્રો તેમને પત્રો લખે તો એ જોડણીની ભૂલોનું લિસ્ટ બનાવીને વળતો પત્ર લખતાં કે આ ભૂલો સુધારીને ફરી પત્ર લખો પછી હું તમને જવાબ આપીશ.'

આ પ્રસંગે વિશ્વકોષ ટ્રસ્ટના ટ્રસ્ટિ કુમારપાળ દેસાઈએ વાણી રાણીના કવિ દલપતરામ વિશે વાત કરતાં જણાવ્યું કે, 'કવિ કાન્તે એક વખત કહ્યું હતું કે, જો દલપત રામ ન હોત તો આપણને નર્મદ ન મળ્યા હોત. તેઓ વક્તવ્ય પણ પદ્યમાં જ આપતાં. તેઓ આધુનિક વિચારોથી ભરેલાં એવા કવિ હતાં જેમણે સ્ત્રીહૃદય સાથે એકરુપ થઈને સ્ત્રીને એકરુપ થઈને હ્યુમન બીઈંગ તરીકે સ્વીકારતાં.'

કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ દ્વારા સરસ્વતી સન્માન

ગાંધીનગર, તા. ૨૫

શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ, ગાંધીનગર દ્વારા આગામી રવિવારે આઈએએસ કેરિયર એકેડેમીનું ખાતમૂહુર્ત અને સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની અખબારી યાદીમાં શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ, ગાંધીનગરના કાર્યાલય મંત્રી જશવંતસિંહ આર ગોહિલે જણાવ્યું હતું કે તા. ૨ ઑક્ટોબર ને રવિવારના રોજ સવારે ૯ કલાકે લેકાવાડા ખાતે રાજપૂત આઈએએસ અને કેરિયર એકેડેમીનું ખાતમુહૂર્ત અને ૨૯મો સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગેની પત્રિકા દરેક સૅક્ટર પ્રતિનિધિ દ્વારા જે તે સૅક્ટર તથા અન્ય વિસ્તારના પહોંચતી કરવામાં આવેલ છે. તેમ છતાં કોઈ સભ્યને આ પત્રિકા મળી ન હોય તો કાર્યાલય ખાતેથી મેળવી લેવા તેમણે વિનંતી કરી છે અને સૌ સભ્યોને કાર્યક્રમમાં સમયસર ઉપસ્થિત રહેવા તેમણે અનુરોધન કર્યો છે.

ગાંધીનગરના સદ્‌ગત કલાકાર

વૅસ્લી પીટર્સની પ્રાર્થના સભા યોજાઈ અસલ કલાકારના ગુણો સૌએ ગાયા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર કૅથોલિક ચર્ચ ખાતે આજે પુનઃ એકવાર સર્વધર્મ સંમેલન યોજાયું હોય તેવા માહોલનું સર્જન થયું હતું. કારણ હતું એક કલાકારની પ્રાર્થના સભા.

આ પ્રાર્થના સભા એવા કલાકારની હતી જેણે કોઈ એક ધર્મનું શરણ સ્વીકાર્યું નહોતું, અથવા તો એમ કહો કે કલા એ તેને પહેલો ધર્મ હતો, કલા એ તેની પહેલી ઓળખ હતી અને એ જ તેની આખરી ઓળખ પણ બની રહી.

ગાંધીનગર શહેરના ખ્યાત આર્ટીસ્ટ, કોરિયોગ્રાફર અને નૃત્યશ્રી કલાવૃંદના સ્થાપક, પ્રમુખ વૅસ્લી પીટર્સના શુક્રવારે દેહાંત બાદ તેમની પ્રાર્થના સભાનું આયોજન કેથોલિક ચર્ચ, સૅક્ટર-૮ ખાતે પ્રાર્થના હૉલમાં કરવામાં આવ્યું હતું. પ્રાર્થના સભાની શરૂઆતથી જ વિવિધ ધર્મોના લોકો અને કલાકારોનો મેળાવડો પ્રાર્થના હૉલમાં જોવા મળ્યો હતો. થોડીવારમાં જ આખો પ્રાર્થના હૉલ ભરાઈ ગયો હતો ને એમાં ઊભા રહેવાની પણ જગ્યા નહોતી બચી.

સભા દરમ્યાન વૅસ્લીની ખેલદિલી, એના મળતાવડા સ્વભાવ, એની કલા પ્રત્યેની મમત અને એની ધર્મનિરપેક્ષતાને યાદ કરવામાં આવી હતી અને તેની ભરપૂર સરાહના પણ કરવામાં આવી હતી. દેશ-વિદેશની ધરતી પર ભારતીય લોકનૃત્યોની સુવાસ ફેલાવવાના તેમના મોટા કાર્ય ઉપરાંત ગાંધીનગર શહેરમાં તેમણે યોજેલા 'શ્વેત નટ નાદ' કાર્યક્રમનો પણ આ સ્મૃતિમાં ઉલ્લેખ થયો હતો. ગાંધીનગર શહેરનો આ પહેલો અને એકમાત્ર એવો કાર્યક્રમ હતો જેમાં ન માત્ર કલાકારો, પરંતુ પ્રેક્ષકો માટે પણ ડ્રેસ કોડ નિયત કરવામાં આવ્યો હતો ને એ ડ્રેસ કોડને સૌએ ફૉલો પણ કર્યો હતો.

પ્રાર્થના હૉલની બહાર વૅસ્લીના પરિવારજનોએ તેમની જીવન-સ્મૃતિઓને એક કૅનવાસ પર ઉતારીને સુંદર મજાનું દૃશ્ય ઊભું કર્યું હતું. વૅસ્લીની વિવિધ યાદો, પ્રવૃત્તિઓની આ તસવીરી ઝલક તેમના ચાહકો, ભાવકોને પ્રભાવિત કરી ગઈ હતી.

ઉલ્લેખનીય છે કે આજે કલ્ચરલ ફૉરમની બેઠકનું આયોજન પણ થયું હતું, જેના આરંભે વૅસ્લીના આત્માની સદ્‌ગતિ માટે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું અને પછી બેઠકની કાર્યવાહીનો આરંભ કરવામાં આવ્યો હતો.

વિશિષ્ટ બાળકોના કલ્યાણ તથા પ્રગતિની પ્રાર્થના સાથે

જિલ્લાનાં વિશિષ્ટ શિક્ષકોની પદયાત્રા

૨૭ શિક્ષકો જોડાયા : સવારે છ વાગ્યે આરંભ પામેલી પદયાત્રા બપોરે ૧૨ કલાકે ગિયોડ પહોંચી વિરામ પામી

ગાંધીનગર, તા. ૨૫

માનસિક વિશિષ્ટ બાળકોનાં ક્ષેત્રમાં કાર્ય કરતાં ગાંધીનગર જિલ્લાનાં માનસિક વિશિષ્ટ શિક્ષકોએ માનસિક વિશિષ્ટ બાળકોના કલ્યાણની પ્રાર્થના સાથે અંબાજી મંદિર, ગિયોડ સુધીની પદયાત્રાનું આયોજન શ્રી નવજીવન સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટના ઉપક્રમે કર્યું હતું.

આઈડીએસએસ પ્રૉજેક્ટ હેઠળ ધોરણ-૯થી ૧૨ના વિશિષ્ટ વિદ્યાર્થીઓ સાથે શૈક્ષણિક કાર્ય કરતા ગાંધીનગર જિલ્લાના ૨૭ જેટલાં સ્પેશિયલ ટીચર્સ દ્વારા ગાંધીનગરથી ગિયોડ અંબાજી મંદિર સુધીની આ પદયાત્રા કરવામાં આવી હતી અને અંબાજી માતાનાં દર્શન કરી માનસિક વિશિષ્ટ બાળકોના કલ્યાણ તથા પ્રગતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. સવારે ૬ વાગ્યે આ શિક્ષકોએ આરંભેલી પદયાત્રા બપોરે ૧૨ કલાકે ગિયોડ મંદિરે પહોંચીને વિરામ પામી હતી.

ડાયરેક્ટ ❤ સે

તેરી નેકી કા લિબાસ હી
તેરા બદન ઢકેગા ઓ બંદે
સુના હૈ ઉપરવાલે કે ઘર
કપડોં કી દુકાન નહીં હોતી

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૨
બેન્જો
૧૨.૪૫, ૬.૪૫
ડેઝ ઑફ તફરી
૩.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન-૩
ધ મૅગ્નીફિસન્ટ-૭ (અંગ્રેજી)
૧.૦૦, ૭.૦૦
ધ મૅગ્નીફિસન્ટ-૭ (હિન્દી)
૪.૦૦, ૯.૪૫

સ્ક્રીન-૪
પિન્ક
૨.૪૫, ૧૦.૦૦
વાહ તાજ
૫.૩૦
પરઝ
૧૨.૩૦, ૭.૪૫

સ્ક્રીન-૫
ડેઝ ઑફ તફરી
૧૦.૦૦, ૧૨.૪૫, ૬.૩૦
બેન્જો
૩.૪૫, ૧૦.૦૦

મારું વતન મારા હૃદયમાં કૂણા છાંયડાની જેમ અંકાયેલું છે

સંવેદના
મારું વતન - વહાલું વતન

ગુજરાતના પાટનગર ગાંધીનગર શહેરનાં છ ગામોમાંનું એક ગામ - બોરીજ તે મારું વતન. સાબરમતી નદીના કિનારે વસેલ, ઊંચા-નીચા ઢોળાવો પર આવેલ મકાનોની બાંધણીવાળું તથા લીલાંછમ વૃક્ષોથી સુશોભિત છે. નદીકાંઠે જ બગીચો અને બગીચામાં આશરે ૨૫૦ વર્ષ જૂનું મહાદેવનું મંદિર ઉપરાંત મહાકાલી, અંબાજી તથા રામદેવ પીરનું મંદિર પણ છે.

બોરીજ ગામ એવું છે કે જે ગામ પણ છે અને શહેરી વિસ્તારનો એક ભાગ પણ છે. શહેરમાંથી બોરીજમાં આવો એટલે અસલ ગામમાં આવી ગયા હોઈએ તેવો અહેસાસ થયા વિના રહે જ નહીં. એક બાજુ પૂર્વમાં સાબરમતી નદી તથા પશ્ચિમમાં અક્ષરધામ અને ગાંધીનગર શહેર ઉપરાંત બોરીજમાં જ જૈન વિશ્વામૈત્રી ધામ તથા રાજ્યપાલ, મંત્રીઓનાં નિવાસસ્થાન છે. શહેરમાં ચાલતી અસંખ્ય ધાર્મિક, સામાજિક, સેવાકિયા સંસ્થાઓનો ગામને પણ લાભ મળે છે ને એની સુવાસ ગામ સુધી પણ પહોંચે છે.

આમ, અસલ ગામ ને તોય શહેરની હવાથી નજીક એવું મારું બોરીજ ગામ મને વહાલું છે.

- ભરત દિક્ષિત, બોરીજ

સ્વ. રાજવી કૃષ્ણકુમારસિંહજી સમયનું અમારું વતન ભાવનગર હજુ યાદ આવે છે. સૌરાષ્ટ્રમાં તે સમયે સસ્તામાં સસ્તું અમારું વતન હતું. શાકભાજી તથા ફૂટની પુષ્કળ છૂટ હતી. ટેકરી ઉપર બિરાજમાન 'તખતેશ્વર મહાદેવ'ના મંદિરેથી આખું ભાવનગર શહેર જોઈ શકાતું. પિકનિક પોઈન્ટ તરીકે વિકાસ પામેલ તેમજ આખા ભાવનગર શહેરને પાણી પૂરું પાડતું 'ગૌરીશંકર લેક' તેમજ માતા રૂવાપરી, માતા ખોડિયારના વહેલી સવારે દર્શનાર્થે જતા ભાવિકોના રણકાર યાદ આવે છે. અમારા બધા જ ધાર્મિક તથા સમાજિક પ્રસંગો તો અમારા વતનમાં જ કરવાના. વૅકેશનના સમયે, અમારી વતનની મુલાકાત દરમ્યાન સ્વ. પૂ.બાપુજી દ્વારા આ બધું જોવા તથા જાણવા મળેલું. પ્રસંગોપાત જણાવવાનું કે રાજકારણે પ્રવેશ કર્યો છે ત્યારથી અમારા વતન ભાવનગરે પોતાની સૌંદર્યતા ગુમાવી છે. પરંતુ કલાનગરી તરીકેનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. વંદન હો મારા વહાલા વતન ભાવગરને.

- નિરંજન ઓઝા
સેક્ટર-૨ એ

કાળમીંઢ પથ્થરને ઘમરોળતી મચ્છુ કાંઠે મોરબી - મારું વહાલું વતન વસેલું છે. રજવાડી દબદબો દર્શાવતી આજે પણ અનેક ઐતિહાસિક ઈમારતો-સૌરાષ્ટ્રના પૅરિસની સાક્ષી પૂરે છે. સાઠ-સાઠ વર્ષોથી દૂર રહેવા છતાં આજે પણ જાણે ગઈકાલની જ સ્મૃતિ હોય તેમ મોરબીનું સ્મરણ તરોતાજા છે.

સમગ્ર સૌરાષ્ટ્રમાં એક અજાયબી 'ઝુલતો પુલ', મણિમંદિર, જે વાઘજી ઠાકોરની પ્રેયસીની યાદ અપાવતું સ્મકર, તેની બાજુમાં પાડાપુલ અને મહેન્દ્ર ડ્રાઈવ જે કાળમીંઢ પથ્થરની એકસરખી બાંધણી દર્શાવતી ઈમારતો, સામે મહારાજાનો ન્યુ પૅલેસ અને યુરોપના બાંધકામને ટક્કર મારતો દરબાર ગઢ! વાંકાનેરથી ટ્રેનમાં આવતાં નઝરબાગ સ્ટેશનની એકબાજુ પરશુરામ પોટરીના યુનિફોર્મ બિલ્ડીંગ્સ, પોટરીના તોતીંગ ભૂંગળા અને બીજી બાજુ વિશાળ ક્રિકેટ ગ્રાઉન્ડ, પાસે ન્યુ પૅલેસ. સાંજે ફરવા જઈએ તો એવું લાગે કે જાણે પરદેશના કોઈ શહેરમાં પહોંચી ગયા છીએ ....! આ બધું જ ચિત્રપટની જેમ પસાર થઈ જાય છે ! કેટકેટલી યાદો જોડાયેલી છે મોરબી સાથે !

મોરબીમાં બાળપણ વિતાવ્યું, કિશોરાવસ્થા વિતાવી ને યુવાની પણ ત્યાં જ આવી.

એ મોરબી ને આજના મોરબીમાં ઘણો ફરક છે. આજે તો મોરબી નળિયાં, તળિયાં (ટાઈલ્સ) અને ઘડિયાળના શહેર તરીકે પ્રખ્યાત છે. પણ મારું મોરબી તો કૂણા છાંયડા જેવું મારા હૃદયમાં અંકાયેલું છે.

- જયંતભાઈ જી ભટ્ટ
સેક્ટર-૭ ડી

મારું વતન આસોડા, તા. વિજાપુર, જિ. મહેસાણા. આ ગામ ૧૨૦૦ વર્ષ જૂનું છે અને તે યાત્રાધામ તરીકે ઓળખાય છે. ગામમાં મહાકાલી માતાનું જૂનું મંદિર, વૈજનાથ મહાદેવનું મંદિર, વાળીનાથ મહાદેવનું મંદિર તથા વર્ષો જૂનાં પ્રભુજીનાં પગલાં શ્રીમાળીવાસમાં આવેલાં છે. મારું વતન વર્ષો પહેલાં આશાપુરીનગરી તરીકે જાણીતું હતું.

વૈજનાથ મહાદેવના મંદિરની મહાન વિશેષતા એ છે કે મંદિરને ફરતે તમામ મૂર્તિઓ ખંડિત છે. ગાય વાછરડાંને દૂધ પીવડાવતી તથા પાંચ પાંડવોની મૂર્તિઓ ખંડિત નથી. શ્રાવણ માસના પહેલા સોમવારે મેળો ભરાય છે અને સોમવતી અમાસના દિવસે કમળનાં ફુલોથી મહાદેવની પૂજા કરવામાં આવે છે.

ગામમાં જતાં જ વાળીનાથ ભગવાનનું મંદિર છે તેમાં શીતળા માતાનાં પગલાં તથા બળિયાદેવની મૂર્તિ છે. વાળીનાથ ભગવાનને દૂધ ચડાવવાની બાધા રાખવાથી પશુ, ગાય, ભેંસ... દૂધ આપતાં થાય છે એવી માન્યતા છે. વર્ષો પહેલાં વાળીનાથ ભગવાનની મૂર્તિ પડી ગઈ હતી, આખા ગામના માણસોએ ઊભી કરવા પ્રયત્નો કર્યા પરંતુ મૂર્તિ ઊભી ન થઈ ત્યારે ગામના મૂળ રહીશો તથા રાવળ સમાજના આગેવાન આગળ આવ્યા ને તેમના કહેવાથી પાંચ જ માણસોએ મૂર્તિ ઊભી કરી દીધી. રાવળ સમાજના લોકો કાળી ચૌદશના દિવસે વાળીનાથ ભગવાનને પહેલાં દૂધ, પાણીથી સ્નાન કરાવી, નૈવેધ કરાવી પછી હોકો પીવડાવે છે. હોકો તમાકુથી ભરીને ભગવાનના મુખ સામે પાંચ વખત રાખતાં જ તમાકુ સાફ બળી જાય છે અને વાળીનાથ ભગવાનની જે માનતા માને છે તેની માનતા અવશ્ય પૂરી થાય છે એવી માન્યતા છે.

- રતિલાલ મુળજીભાઈ શ્રીમાળી
સેક્ટર-૩ બી

ગાયકવાડ સમયનું તેમજ જ્યાં સામંતસિંહ બિહોલા રાજ કરતા હતા એવું મારું વતન બહિયલ, જે હાલ ગાંધીનગર જિલ્લાનું ગામ છે.

હિન્દુ-મુસ્લિમની વસતી છે પણ ભાઈચારો અને એકતામાં બેમિસાલ. ગામમાં રામજી મંદિર, અંબે મા, બહુચર મા, ફુલબાઈ મા, ખોડિયાર મા, જક્ષણીમા, બળિયાદેવ જેવાં મંદિરો આવેલાં છે તેમજ મદ્રેસા, મસ્જિદ, દરગાહો આવેલી છે. મહોરમના તાજીયા જોવાનો, માણવાનો લહાવો આજે પણ હું ભૂલ્યો નથી. બહુચરાજી મંદિરે નવરાત્રીમાં પ્રજાપતિ સમાજ દ્વારા ઉજવાતી ભવાઈ મારા માનસપટ પર તાજી છે. પરમ પૂજ્ય મોરારીબાપુની રામકથાનો લાભ પણ મળ્યો છે. ગામ બાલમંદિરથી ઉચ્ચતર માધ્યમિક શાળા, દવાખાનું, પોસ્ટ ઑફિસ, બૅન્ક, પોલીસ સ્ટેશન તેમજ એસટી સેવાથી સુસજ્જ છે.

ગામને પાદરે ઘેઘૂર વડલો ને વડલાની વડવાઈના હિંચકા, સંતાકૂકડી, ગિલ્લી-દંડો જેવી રમતો ઢીંચણ સમા દળ - રેતીમાં માણેલી છે. અને હા, તરવૈયા તો અમારા ગામના, આજે પણ જાણીતા છે.

- ગૌતમ કે પરમાર